રામ શું કરે છે? ૧ રામ પોતાના ઓરડામાં પથારીમાં ઉંઘે છે. ૨. રામ બેટથી બોલ મારે છે. તે ક્રિકેટ રમે છે.

૩. ચાકના કટકા વડે, કાળા પાટીયા પર, રામ પોપટ દોરે છે. ૪. પોતાની કોપીબુક લખવાને રામ, પોતાની કલમ શાહીમાં બોળે છે. ૫. કુંડીની અંદર, રામ પોતાનું મ્હો અને હાથ પાણી અને સાબુથી ધુએ છે. ૬. સ્વચ્છ ટુવાલથી રામ પોતાનું મોં લોહે છે.

પાઠ ૧૦ ગધેડો, શિયાળ, અને સિંહ.

એક ગધેડો અને એક શિયાળ ઘણાંજ ખાસ મિત્રો બન્યા. એક બીજાને હંમેશા મદદ કરવાને તેઓએ સોગન લીધા, શિયાળે કહ્યું. "મારા, વહાલા, ગધેડા, હું છેવટ સુધી તમારી પડખે ઉભો રહીશ." ગધેડાએ કહ્યું, "મારા વહાલા શિયાળ, હું હમેંશ માટે તમને વળગી રહીશ!"

એક દિવસ તેઓ શિકાર કરવા ગયા, થોડીવારમાંજ, તેમણે એક સિંહ જોયો. તેઓ બંને બ્હીના અને શું કરવું તેની સમજ પડી નહિ. શિયાળે કહ્યું, "જો આપણાથી બની શકે, તો આપણે

તેની દોસ્તી કરવી જોઇએ." પછી શિયાળ સિંહ પાસે ગયો અને કહ્યું, "સાહેબ, જો તમે મારી જિંદગી બચાવો, તો પેલા ગધેડાને પકડવામાં હું તમને મદદ કરીશ." સિંહે કહ્યું "ઘણું, સારૂં." પછી શિયાળ ગધેડા પાસે પાછો દોડયો. તેણે કહ્યું. "મારી પાછળ આવ" તે ગધેડાને એક ઉંડા ખાડા પાસે લઇ ગયો અને તેને અંદર હડસેલી મૂકયો. સિંહે જોયું કે ગધેડો પકડાયો છે, ત્યારે તેણે શિયાળ પર કુદકો માર્યો અને તેને ખાઇ ગયો. સિંહે કહ્યું, "હું ગધેડાને કાલે ખાઇશ, તમે જૂઠા મિત્ર, તમને હું હમણાં ખાઇશ. ગધેડો મૂર્ખ છે, પણ તમે બદમાશ છો."

પાઠ ૧૧. કબુતરાં.

મારી પાસે બે પ્રકાશિત અને આનંદિ : કબુતરો હતાં. તેઓ એક દિવસ મારી પાસેથી ઉડી ગયાં. તેઓ શું કારણને લીધે ઉડી ગયાં તે હું કહી શકતો નથી, કારણકે હું જાણતો નથી,

---

પાઠ ૧૨ મોટર ગાડી.

ગો. શું તમારા બાપ પાસે મોટર છે? રા. હા. મારા બાપ પાસે એક મોટર છે. ગો. તમારી પાસે તેનું ચિત્ર છે? રા. તમને બતાવવાને આ એક હું લાવ્યો છું. ગો. શું આ ચિત્ર તમારા. બાપની મોટરનું છે? રા. હા. ગો. તે ઘણી સુન્દર ગાડી છે. રા. પૈડા પર કેવી જાડી વાટ છે, તે તમે જૂઓ છે? ગો. હું ધારૂં છું કે વાટ રબ્બરની બનાવેલી છે. રા. હા. તમે ખરા છો. તે ઘણી જાડી મા ત ર ર ૩ ર છે. ગો. તમે શાપરથી શું

અંદર હવા ભરો છો? રા. હા. હું ગાડીની અંદરની બાજુએ જોઉ છું. તે પૈંડુ શું છે? રા. તે પૈંડુ ગોળ ફરે છે અને ગાડી હંકારવામાં કામ આવે છે. ગો. ગાડીના આગળના ભાગમાં ચાર ફાનસો છે. રા. બે મોટા ફાનસો છે અને બે નાનાં છે. ગો. તમારી ગાડીમાં હું ફરવા જાઉં? રા. તમે જાવ કે કેમ તે હું મારા બાપાને પૂછીશ. ગો. તમારો આભાર માનું છું.

પાઠ ૧૩ હું નાની બિલાડીને ચાહું છું.

હું નાની બિલાડીને ચાહું છું, તેનો ડગલો ઘણો હુંફાળો છે. અને જો હું તેને, ઇજા નહિ કરૂં, તો તે મને ઇજા કરશે નહિ. હું તેની પૂછડી ખેંચુ નહિ કે તેને હાંકી મુકુ નહિ પણ હું અને પુસી સાથે રમીશું, હું તેની નરમ પીઠ પંપાળીશ અને તેને થોડો ખોરાક આપીશ. અને પુસી મને ચ્હાશે કારણ કે હું ભલી છું.

પાઠ ૧૪. એક લુચ્ચી કાગડી.

દિવસ ગરમ હતો. કમ્પાઉન્ડમાં કોઇ ન હતું. કુતરા સિવાય દરેક જણ ઉંઘી ગયું હતું. તેની પાસે પોતાના મોંમાં એક હાડકું હતું તે ઝાડ નીચે જ્યાં થોડો છાંયડો હતો, ત્યાં સુઇ જવા ગયો. તે પોતાની સાથે હાડકું લઇ ગયો, કારણ કે તેને હાડકાં ગમતાં. ઝાડની ડાળીપર કાગડી બેઠી. કાગડી બોલી, "કા, કા," કુતરાએ કાગડી પર ધ્યાન આપ્યું નહિ. કાગડીએ કુતરાને, હાડકાં સહિત જોયો. "કા, કા," કાગડી ફરીથી બોલી, અને પછી ઉડી ગઇ. થોડીવારમાં તે પાછી આવી આ વખતે તેની સાથે તેની મિત્ર હતી. "કા! કા!"

બન્ને બોલ્યાં. કુતરાએ હજી તેમના પર લક્ષ આપ્યું નહિ. પછી બીજી કાગડી કુતરાની પાછળ કુદી. તેણે પોતાની ચાંચમાં તેની પૂછડી પકડી અને તે ખેંચી. પોતાની પૂછડી ખેંચાવાથી કુતરાને ઇજા થઇ. તેણે પોતાનું હાડકું મુકી દીધું અને પાછો વળ્યો. તે ઘણો ગુસ્સે થયો હતો. તેની પૂછડી કોણે ખેંચી હતી, તે તે જોવા માંગતો હતો જેવું કુતરાએ હાડકું મુકી દીધું કે તરતજ બીજી કાગડીએ ઉતાવળથી ઉપાડી લીધું અને લઇ તે ઉડી ગઇ.

પાઠ ૧૫. સસલી અને કાચબો.

એક દિવસ એક સસલીને એક કાચબો મળ્યો. તે તેના તરફ હસી કારણ કે તે ઘણો ધીમો હતો. તેણે કહ્યું, "હું ધારું છું કે દુનીઆમાં તમે સૌથી ધીમા પશુ છો. હું સૌથી વધારે ઝડપી છું તમે બેડોળ અને મુરખ છો. હું ઝડપી અને હોશિઆર છું. "તમને મારી સાથે શરત દોડવી ગમશે?" કાચબાએ પૂછ્યું. સસલી પહેલાં કરતાંયે વધારે હસી. "શરત દોડવી!" તેણી બોલી, "તમે દોડી શકો, તેના કરતાં હું વધારે ઝડપથી ચાલી શકું છું." "કંઇ નહિ આપણે શરત દોડીયે." કાચબાએ કહ્યું. "ચાલો, આપણે હમણાં ઉપડીયે" "બહુ સારૂં, મુરખા" સસલી હસી, "આપણે પેલા ઝાડ સુધી શરત દોડીશું. કાચબો એકદમ નીકળ્યો. સસલીએ વિચાર્યું કે પહેલાં હું આરામ લઇશ. તેણી ઉંઘી ગઇ. જ્યારે તે જાગી ઉઠી, ત્યારે કાચબો લગભગ ઝાડ નજીક પહોંચી ગયો હતો. તેનાથી બની શકે તેટલી ઝડપે સસલી દોડી, પણ કાચબો શરત જીત્યો. પછી કાચબો હસ્યો અને બોલ્યો, "ધીમા અને નિશ્ચલ શરત જીતે છે."

પાઠ ૧૬. છોકરો અને મધ. ભા. ૧ લો.

નડુ એક નાનો સુસ્ત છોકરો હતો તેનાથી બની શકે તેટલું થોડું કામ કરવા તે કોશિષ કરતો. તેની મા હંમેશા બહુજ કામ કરતી. તેને ઘણાં છોકરાં હતાં અને તેનો ધણી માંદો હતો. એક દિવસે જ્યારે તેણે દાળ કરવા માંડી. ત્યારે તેને માલમ પડયું કે મીઠું હતું નહિ. તેણે નડુને જવાને અને થોડું ખરીદ કરવાને કહ્યું. "મારે થોડું મધ પણ જોઇએ છે," તેણે કહ્યું, " નડુ બજારે જા, મધ માટે આ ઘડો થઇ જા" છોકરાએ ઘડો લીધો અને ચાલ્યો ગયો. પહેલાં તેણે મધ ખરીદ્યું. માણસે મધપુડામાંથી ઘડો ભર્યો: પછી નડુ મીઠું ખરીદવા આગળ ચાલ્યો. તેણે વિચાર કર્યો," મારે ઘેરે બે વસ્તુ ઉંચકી લઇ જવી પડશે, મને તે નહિ ગમશે. મારા બન્ને હાથો ભરેલા હશે હું કેમ રમી શકીશ તેણે એક યુક્તિ વિચારી કાઢી.

પાઠ ૧૭. રામ.

રામે શું કીધું છે ? ૧. તેણે ઘડીઆળના કાંટા પાંચ પર ફેરવ્યા છે. ૨. તેણે ભાંગેલા હાથાને ઘડા સાથે જોડયો છે. ૩. તેણે આટાની ગુણ લાદેલી ગાડીને ટેકરી પર હડસેલી છે. ૪. તેણે સખત કામ કીધું છે અને હવે તે આરામ લે છે. ૫. તેણે સોટીનું ધનુષ વાળ્યું છે અને હવે તે ધનુષનો બીજો છેડો બાંધે છે. ૬. ઉકળતાં પાણીનો ઘડો ઉંચકવાની કોશિષ કરતાં તે જમણા હાથે દાઝયો છે.

પાઠ ૧૮. મારૂં ટટ્ટુ.

મારી પાસે એક નાનું ટટ્ટુ હતું, તેનું નામ કાબરચીતરો હતું. એક માઇલ બેસીને જવા મેં એક બાઇને તે ઉછીનો આપ્યો. તેણે

તેને ચાબુક મારી અને ફટકાર્યો અને કાદવમાંથી ચલાવ્યો તે બાઇની ખાખા ભાડા માટે (પણ) હવે હું મારૂં ટટુ ઉછીનું નહિ આપું.

પાઠ ૧૯. છોકરો અને મધ, ભા. ૨ જો.

જે માણસ મીઠું વેચતો હતો, તેની પાસે નડુ ગયો. મુરખા છોકરાએ ઘડો ઉંધો વાળ્યો. તે માણસે ઘડાના તળીયામાં મીઠું મુક્યું નડુ તદ્દન ખુશ થઇ ચાલ્યો. તેણે કહ્યું "હવે મારે એકજ બોજો છે" જ્યારે તે ઘેર પહોંચ્યો, ત્યારે તેની માએ કહ્યું "સારો છોકરો! તને તારા માટે થોડું મધ મળશે" પછી તેણે વાસણ તરફ જોયું, "હું મીઠું જોઇ શકું છું." તેણે કહ્યું, "પણ મધ ક્યાં છે?" "તે અંદર છે" નડુએ કહ્યું, અને ઘડો ઉંધો વાળ્યો. પણ ઘડામાં મધ નહીં હતું અલબત તે બધું વહી ગયું હતું. "ગમે તેમ હો, મારી પાસે મીઠું છે" નડુએ કહ્યું, અને ફરીથી ઘડો ઉંધો વાળ્યો. પણ હવે મીઠું હતું નહિ. તે પણ ધૂળમાં વેરાઇ ગયું હતું.જેથી સુસ્ત છોકરાએ મધ અને મીઠું બન્ને ગુમાવ્યાં. તેની માએ તેને બજારે બે વાર ફરીથી મોકલ્યો પહેલી વાર તે પાછું મીઠું લાવ્યો, બીજીવાર તે પાછું મધ લાવ્યો.

પાઠ ૨૦. તમે શું જુઓ છો?

તમે ચિત્રમાં શું જુઓ છો? ૧. હું બે છોકરાઓને એક બીજાને ખેંચતાં જોઉં છું. ૨. હું હાંકનારને ઘોડાને ચાબુક મારતો જોઉં છું. ૩. હું બે માણસોને લડતાં જોઉં છું. ૪. હું બાળકને નીચે પડી જતાં જોઉં છું. ૫. હું છોકરાને ફુટબોલને લાત મારતો જોઉં છું. ૫. હું નિશાળીઆને પોતાનાં ચોપડાં પાડી નાંખતો જોઉં છું.

પાઠ ૨૧. અહમદ અને અબ્દુલ.

અબ્દુલ—એ! અહમદ, મારી નવી બાઇસીકલ વિષે, તમે શું ધારો છો? અહમદ—શું તે સુંદર નથી? તમે એ ક્યાંથી મેળવી?

અબ:—મારા બાપાએ મને તે આપી, શું તેનું તે (કામ) માયાળુ નહિ હતું? અહ:—અલબત. હું મારા બાપા પાસે એક માંગીશ. અબ:—હા, તમારે માંગવી જોઇએ. અહ:—તમે તે ઉપર બેસી શકો છો? અબ:—હાજી બહુ બરાબર નહિ. હું ઠીક ઠીક ચલાવી શકું છું. અહ:—તમે કદિ પડી ગયા છો? અબ:—હા, એક કે બેવાર. અહ:—તમને ઇજા થયલી? અહ:—ઘણી નહિ. ગઇ કાલે મારૂં ઘુંટણુ છોલાયું. અહ:—ઘણું? અબ:—નહિ, કંઇ નહિ રે! નજીવું. અહ:—તમે મને બેસવા દેશો? અબ:—તમે મારી માફક જૂની ઉપર પહેલાં શીખો. અહ:—હા. નવી પર શીખવું એ સારી રીત નથી.

પાઠ ૨૨. મારૂં બિલાડીનું બચ્ચું.

હું મારા નાના બિલાડીનાં બચ્ચાંને ચાહુ છું. તેની ઘણી સુંદર રીતો છે. જ્યારે તે મારા દડા સાથે રમે છે. ત્યારે તે ઘણી રમુજી દેખાય છે. મને મારી બિલાડીના બચ્ચાને જોવાનું ગમે છે. તેને ઘણાં આનંદદાયક કામ આવડે છે. જ્યારે તે પંજો અને રૂંવા ચાટે છે, ત્યારે ઘણીજ સુંદર દેખાય છે. જ્યારે બચ્ચું ગોળ ગોળ દોડે છે, ત્યારે તેને જોઇને મને હસવું આવે છે. તે પુછડી પકડવાને તે પાછી ફરે છે અને અમળાય છે પણ તે વધારે નજીક આવતી નથી.

પાઠ ૨૩. આપણને સૌથી વધારે જોઇએ તે. ભા. ૧.

આપણે હવા વિના કેટલો વખત જીવી શકીએ? બે કે ત્રણ મિનિટ. આપણને બીજાં કશા કરતાં હવાની વધારે જરૂર છે, પણ આપણને ચોકખી હવા જોઇએ. જે તાજી હવા નથી, તે આપણને ઘણી નુકશાનકારક છે. દિવસ અને રાત બારણાં અને બારીઓ ઉઘાડી રાખો. પાણી વગર આપણને કેટલો વખત ચાલે? ઘણા થોડા દિવસ. હવા શિવાય, આપણને બીજાં કશા કરતાં પાણીની વધારે જરૂર છે. આપણને ચોકખું પાણી જોઇએ છે. જે પાણી ચોકખું નથી, તે આપણને બહુ નુકશાનકારક છે. જો આપણા કુવા-માંનું પાણી ચોકખું નહિ હોય, તો આપણે શું કરી શકીએ? આપણે તે ઉકાળી શકીએ. આપણે વળી તે ગાળી શકીએ. આપ-ણને ખોરાક વગર કેટલો વખત ચાલે? પાણી વગર આપણે જેટલો વખત જીવી શકીએ તેના. કરતાં થોડો વધુ વખત પણ આપણને સારા ખોરાકની જરૂર છે. તે તાજો અને સાફ હોવો જોઇએ. આપણે આપણો ખોરાક ધીમેથી ખાવો જોઇએ, આપણે તે સારી રીતે ચાવવો જોઇએ. આપણે અતિ ઘણું ખાવું નહિ જોઇએ. આપણે માખીને આપણા ખોરાક પર બેસવા દેવી નહિ જોઇએ. આપણને લુગડાંની પણ જરૂર છે. તે પણ સાફ હોવાં જોઇએ. ગરમ ઋતુમાં સુતરાઉ કપડાં શ્રેષ્ઠ છે. ઠંડી ઋતુમાં ઉનના કપડાં શ્રેષ્ઠ છે. જે કપડાં આપણે દિવસના વખતમાં પહેરીએ છીએ, તે પહેરીને આપણે સુવું નહિ જોઇએ.

પાઠ ૨૪. આપણને સૌથી વધારે જોઈએ તે. ભા. ૨.

બીજી વસ્તુઓ છે, જે આપણને જોઇએ છે. ઊંઘ વગર આપણે કેટલો વખત જીવી શકીએ? માત્ર બહુ થોડા દિવસ. જો આપણે એકજ રાત વગર ઊંઘે કાઢીએ, તો બીજે દિવસે આપણે માંદા હોય એવું લાગે છે. છોકરાંને રોજ રાત્રે નવ કે દશ કલાકની ઊંઘ જોઇએ છે. જલ્દી સુઇ જવું એ સારી વાત છે. બીજી વસ્તુ આપણને જોઇએ તે કસરત છે. સઘળા છોકરાઓએ રમતો રમવી જોઇએ. આ તેમને સશકત બનાવશે. ક્રિકેટ અને ફૂટબોલ સારી રમતો છે. સારી ઊંઘ અને કસરત વગર આપણે સારૂં કામ કરી શકતા નથી. અહીં આ બે કડીઓ મોઢે યાદ રાખવા માટે સારી છે. "જલ્દી સુઇ જવા અને જલ્દી ઉઠવાથી છોકરો તન્દુરસ્ત, તવંગર અને ડાહ્યો બને છે" અને "આખો વખત કામ અને બીલકુલ રમત વગર જેક સુસ્ત છોકરો બને છે" એ પણ એક મહાન સત્ય છે કે કામ વગર કોઇપણ તન્દુરસ્ત બની શકતો નથી.

પાઠ ૨૫. એક ઇચ્છા.

હું ઘણીવાર બેસું અને ઇચ્છા કરૂં છું કે હું આકાશમાં ઉંચે પતંગ થઇ શકું અને પવનપર સવારી કરી શકું અને તે ગમે તે દિશામાં વાય, ત્યાં હું જઇ શકું; ત્યારે હું કસ્બાની બ્હાર વાંકી વહેતી નદી જોઇ શકું અને આખરે જે સઘળાં મારી માફક આનંદી પવન સાથે વહાણો તરે છે તેમની સાથે હું 'પરદેશી' નામવાળી જગ્યાએ આવું, ત્યાં સુધી તેમની પાછળ પાછળ જાઉં.

પાઠ ૨૬. કીટલી.

આપણે બધા જોઈ શકીએ છીએ કે આ કીટલીનું ચિત્ર છે. જ્યારે આપણી પાસે આના જેવી કીટલી હોય, ત્યારે આપણે થોડું પાણી કેટલી સહેલાઇથી ઉકાળી શકીએ. કીટલીને બંધ બેસતું આવે એવું ઢાંકણુ છે. તમે કદિ જોયું છે કે કીટલીના ઢાંકણુમાં હંમેશ એક નાનું કાણું હોય છે? ઢાંકણુમાં તેઓ શા માટે નાનું કાણું પાડે છે, તે તમે જાણો છો? જ્યારે પાણી ઉકળવા માંડે, ત્યારે થોડી વરાળને બ્હાર નીકળવા માટે તે છે. કીટલીને એક લાંબી નળી છે, અને થોડી વરાળ નળીમાંથી બ્હાર આવે છે. જ્યારે ઢાકણુંમાના કાણુંમાંથી, તેમજ નળીમાંથી વરાળ બ્હાર આવે છે, ત્યારે આપણે જાણીએ છીએ કે પાણી ઉકળે છે. ધારો કે ચ્હા બનાવવાને આપણને થોડું પાણી જોઇએ છે. જો પાણી તદ્દન ઉકળતું ન હોય તો આપણે સારી ચ્હા બનાવી શકીએ નહિ: તેથી આપણે વરાળ માટે જોયા કરવું જોઇએ તમારો હાથ વરાળમાં ધરશો નહિ. જો તમે મુકો તો તમને માલમ પડશે કે, વરાળ તમારા હાથને દાઝે છે. કીટલીમાંથી બધું પાણી તમે કાઢી લો, ત્યારપછી તેને અગ્નિપર રહેવા દેશો નહિ, જો તમે રહેવા દો તો કીટલીનાં તળીયામાં અગ્નિથી કાણું પડશે. પછી જ્યારે તમે અંદર બીજું પાણી રેડો ત્યારે તે ફરી બ્હાર વહી જશે.

પાઠ ૨૭. આરબ અને તેનું ઊંટ.

આરબઃ—ઠંડી રાત્રી છે, હું મારા તંબુમાં બેસીશ. ઊંટઃ—ઓ શેઠ અહીં બ્હાર બહુ ઠંડી પડે છે, હું મારૂં મોઢું તમારા તંબુની જરાજ અંદર મુકું? આરબઃ—હા. તમે તેમ કરો. ઊંટઃ—મારૂં માથું

હુંફાળું છે પણ મારી ગરદન ઠંડી છે. હું મારી ગરદન તમારા તંબુમાં લાવું ? આરબ:-હા. હું તમને તમારી ગરદન અંદર રાખવા દઇશ. ઊંટ:-હવે મારી ગરદન અને માથું હુંફાળા છે. જો તમે મને મારા આગલા પગ અંદર લાવવા દો, તો હું વધારે જગ્યા નહિ રોકું આરબ:-ઘણું સારૂં. પણ મારે જરા ખસવું જોઇએ. તંબુ ઘણો નાનો છે. ઊંટ:-જ્યારે હું આમ ઉભો રહું છું ત્યારે મારે લીધે તંબુનું બારણું ઉઘાડું રહે છે, હું તદ્દન અંદર આવું અને બારણું ઢાંકું ? આરબ:-વારૂ, આવી ઠંડી રાત્રી છે માટે તમારી દયા આવશ, અંદર આવો અને બારણું બંધ કરો. ઊંટ:-જરા ખસો હું મોટો છું અને તંબુ નાનો છે. આરબ:-હું તદ્દન ખુણામાં છું હું વધારે ખસી શકતો નથી. ઊંટ:-તેમ હોય તો આપણે બન્ને માટે તંબુ (ઘણો નાનો છે) પુરતો નથી. તમારે બહાર જવું જોઇએ આરબ:-પણ તંબુ મારો છે. ઊંટ:-હું શું કરૂં ? અહીંયા એક માટેજ જગ્યા છે, અને હું તમારા કરતાં વધારે મોટો છું. આરબ:-તમે મને હવે તદ્દન બહાર હડસેલી મુકયો છે, ઉંટ:-ત્યારે તમારા બહાર ગયા પછી, બારણું ઢાંકજો, કારણ કે રાત ઠંડી છે.

પાઠ ૨૮. હરણી અને તેના મિત્રો.

ઘોડો. તમે હરણીને ઓળખો છો ? મને તે બહુ ગમે છે.. ગાય. અરે હા. હું ધારૂં છું કે તે ઘણી માયાળુ છે. મારી ઇચ્છા છે કે, મને તે કેટલી ગમે છે, તે બતાવવા, હું તેને માટે કંઇ કરી શકું. બકરો. તે ઘણી નમ્ર છે. તેને મળવાને મને હંમેશાં ખુશાલી થાય છે. ઘેટી. હું પણ એમજ ધારૂં છું. તેને આપણે કેટલાં ચાહીએ

છીએ તે બતાવવા આપણે શું કરી શકીએ? ઘો. આટલું ઉતાવળું એ કોણ દોડે છે? તમે મને કહી શકશો? ગા. હું સંખ્યાબંધ કુતરા જોઉં છું. બ. તેઓ કોઇનો શિકાર કરે છે. ઘો. અરે તેઓ સઘળા બિચારી હરણીની પૂઠે પડયા છે. સઘળા. બિચારૂં પ્રાણી! કેવું દયાજનક! હરણી. મી. ઘોડા! મી. ઘોડા. મદદ કરો, મદદ કરો! અરે હું મોટી મુસ્કેલીમાં છું. મહેરબાની કરીને મને તમારી પીઠ પર ચઢવા દો. આ ઘાતકી કુતરાઓ પાસેથી મને દૂર લઇ જા. ઘો. હું ઇચ્છું છું કે હું તમને મદદ કરી શકું. હું દિલગીર છું કે મારે મારા શેઠનું કંઇ કરવાનું છે. તમારે ઘણા મિત્રો છે. કોઇ બીજા પાસે દોડી જાવ. મારી ખાત્રી છે કે તેઓ તમને મદદ કરશે, હ. મીસીસ ગાય! મીસીસ ગાય? હું મોટા ભયમાં છું. સઘળા કુતરા હાંકી કાઢવા, મહેરબાની કરી, તમારાં શિંગડાનો ઉપયોગ કરો. ગા. મને તેમ કરવા ગમતે, પણ મને માલમ પડે છે કે મારે દૂધ કઢાવવા જવું જોઇએ. કદાચ કોઈ દિવસ મારી ખાત્રી છે કે બકરો તમને મદદ કરશે. હ. ભલા. મી. બકરા, મહેરબાની કરી મને મદદ કરો મારી અને પેલા ઘાતકી કુતરાઓની વચ્ચે ઉભા રહો. બ. તમારાં જેવાં નમ્ર પ્રાણિને, તેઓ ઇજા કરશે નહિ. મારાથી કદાચ, મારી અણીદાર ખરીવાળા પગ તમારા પર મૂકાય જાય, અને ત્યારે તમને ઇજા થાય. બ. વ્હાલી મીસીસ ઘેટી! તમે મને મદદ કરશો? કુતરાઓ સાથે લડવામાં મને મહેરબાની કરીને મદદ કરો. ઘે. મારી વ્હાલી હરણી. હું તમને મદદ નહિ કરી શકું. જો હું કુતરાઓને ગુસ્સે કરૂં. તો તેઓ મને, તેમજ તમને મારી નાંખશે. હ. હું વિચારતી કે મારે ઘણા મિત્રો છે, અને અત્યારે હું મુશ્કેલીમાં છું અને મને

માલમ પડે છે કે મારે એકે મિત્ર નથી. એમ છતાં જ્યારે મને કોઇ મદદ નહિ કરે, ત્યારે મારે મારી જાતને મદદ કરવી જોઇએ. જો હું ઘણી ઉતાવળથી દોડું, તો હું કેમ બચી શકું, તે હું જોઇ શકું, છું. પહેલો કુતરો. જ્યારે મેં તેને તેના પેલા બધા મિત્રો પાસે જતાં જોઇ, ત્યારે મેં વિચાર્યું કે આપણે એને પકડીશું. બીજો કુ. જેવો તેણે પોતે પોતાની જાતને મદદ કરવા નિશ્ચય કર્યો, કે મેં જાણ્યું કે આપણે તેને ગુમાવી. હવે તો આપણે પાછા ઘેર જઇએ તો સારૂં.

પાઠ ૨૯. પ્રાર્થના.

રાત્રિ માટે, અને સવારના આનંદદાયક પ્રકાશ માટે, આરામ, ખોરાક અને (તારી) સ્નેહમય સંભાળ માટે અને દુનિયાને જે બધું અતિ સુંદર બનાવે છે. તેને માટે, હે, પિતા, અમે તારો આભાર માનીએ છીએ, જે વસ્તુઓ અમારે કરવી જોઇએ તે કરવાને, બીજાઓ તરફ માયાળુ અને ભલુ થવાને. જે સઘળું અમે કરીયે, જે સઘળું અમે કહીયે, તેમાં દરરોજ વધારે સંભાળ થવાને. તું અમને મદદ કર.

પાઠ ૩૦. તમે શું જુઓ છો ?

ચિત્રમાં તમે શું જૂઓ છે ? ૧. હું બાળકને ચોપડી ફાટવું જોઉં છું ૨. હું માને તેના બાળકને નહવડાવતી જોઉં છું

૩. છોકરાને પીછું ઉરાડતો હું જોઉં છું. ૪. છોકરાને હું ફૂળની થાળી લઇ જતો, જોઉં છું. ૫. હું છોકરોને, ટેકરી પર ઉભેલા પોતાના મિત્રોને, બુમ પાડતો જોઉં છું. જે છોકરો ટેકરી પર ઉભેલા પોતાના મિત્રોને બુમ પાડે છે. તેને હું જોઉં છું. ૬. સિલિન્ગમાંથી ફ્રાનસ લટકતું જોઉં છું.

પાઠ ૩૧. ચકલીઓ.

એક, બે, ત્રણ ચકલીઓ, માળામાં માની છાતી નીચે બની શકે તેટલા હુંફાળા, છે. મા તમને હુંફાળા રાખે છે, બાપ તમારા માટે ખોરાક લાવે છે. સુખી નાના કુટુંબ! કાંઇ અડચણો નથી. તમારા ઉંચે આવેલા માળામાંથી તમે પડો નહિ તે ધ્યાન રાખો. હજી તમને પીંછા નથી. જેથી તમે ઉડી શકો નહિ. જ્યારે તમને પીંછા આવે, ત્યારે તડકાવાળા દિવસે તમે ઉડતાં શીખશો. ચીં, ચીં કરી લો.

પાઠ ૩૨. સિંહ અને ઉંદર. ભા. ૧.

એકવાર એક સિંહ જંગલમાં થઇને ચાલતો હતો. તેને અતિ તાપ લાગ્યો અને થાકી ગયો, તેથી તે સુતો અને ઊંઘી ગયો. તેને ઊંઘી ગયાને ઘણો વખત થયો નહિ એટલે કંઇકથી તે જાગી પડયો. ઘણો ગુસ્સે થઇને, તે ઉતાવળે કુદી બેઠો થયો. "મને કોણે જગાડયો?" તેણે ગર્જના કરી. બીકની ચીસ સાંભળી, તેણે જોયું. તેણે જોયું

કે તેનો મોટો પંજો એક નાના ઉંદર ઉપર હતો. "તમે મને જગાડવાની કેમ હિમ્મત કરી શકો છો ?" સિંહ ઘુરક્યો. "સાહેબ, હું બહુજ નમ્રતાપૂર્વક આપની માફી માટે આજીજી કરૂં છું." ઉંદરે તીણા અવાજે કહ્યું, "મારાથી તેમ થઇ ગયું." "અરે" સિંહે કહ્યું "હું ધારૂં છું કે હું તમને મારી નાંખીશ, અને કહીશ કે મારાથી એમ થઇ ગયું" "સાહેબ. મારી જીંદગી બચાવવા હું આપને વિનંતી કરૂં છું." ઉંદર રડયો, "હું ફરી તેમ કરીશ નહિ" "વારૂ. હું તમને આ વાર માફી આપીશ." સિંહે કહ્યું, "ચાલ્યા જાવ, અને તમારૂં વચન ભૂલશો નહિ." આના થોડા વખત પછીજ સિંહ ફરીથી જંગલમાં થઇને ચાલતો હતો. જ્યારે તે આગળ ગયો, ત્યારે તેણે છટકામાં પોતાનો પગ મૂકયો. એક મોટી જાળ તેના પર ફરી વળી અને તે પકડાઇ ગયો. તેનાથી બની શકે તેટલા જોરથી તેણે આમ તેમ ખેંચ્યું. તે છૂટો થઇ શકયો નહિ.

પાઠ ૩૩ સિંહ અને ઉંદર. ભા. ૨ જો.

સિંહ ઘણો ગુસ્સે થયો. તેણે મોટેથી ગર્જના કીધી. તેણે ખેંચ્યું, પીંખ્યું, લાત મારી અને ફાંફાં માર્યા, તે સઘળું નકામું હતું. ખરેખર જેમ તેણે વધારે ફાંફાં માર્યા. તેમ જાળ વધારે સખત થઇ. આખરે તે શાંત પડયો રહ્યો. તે એટલો બધો થાકી ગયો હતો કે તે હાલી શકયો નહિ. "હું પકડાઇ ગયો છું" તેણે કહ્યું "અને હું મરી જઇશ. જ્યારે હું છૂટો હતો, ત્યારે ઘણા કહેતા કે અમે તમારા મિત્રો છીએ હવે મારો મિત્ર કોણ છે ? મારે કોઇ મિત્ર નથી." ત્યારેજ તેણે એક તીણા અવાજને બોલતાં સાંભળ્યો, 'સાહેબ, તમને

એક મિત્ર છે. હું ખુશ છું કે હું તમને મદદ કરી શકું છું." સિંહે નીચે જોયું અને ફરીથી તેણે નાના ઉંદરને જોયો. "તમે શું કરી શકો ?" સિંહે કહ્યું. "હું દોરડી ચાવી તોડી શકું છું, સાહેબ. જો તમે શાન્ત રહો, તો હું તમને છૂટા કરી શકું છું." "તમારાથી બનતું સઘળું કરો ત્યારે," સિંહે કહ્યું અને ઉંદર કામે વળગ્યો. થોડી વારમાં ઉંદરે દોરડી ચાવી નાંખી. સિંહ છૂટો થયો. ઉંદર, તમારો આભાર માનું છું," તેણે કહ્યું, "ઉંદર સિંહને મદદ કરી શકે એવું દેખાય છે." "સાહેબ, તે દિવસે, તમે મારી જીંદગી બચાવી હતી" ઉંદરે કહ્યું, "સારા કામનો બદલો સારૂં કામજ ઘટે છે."

પાઠ ૩૪. સિંહ અને ઉંદર.

શિકાર માટેની આતુર શોધમા, જંગલમાં થઇને જતાં અકસ્માત એક સિંહ એક જાળમાં પકડાઇ ગયો, અને છૂટો થઇ શક્યો નહિ આ દુ:ખદાયક ઘરમાંથી પોતાની જાતને મુકત કરવાને તેણે ફોગટ કોશિષ કીધી. જુઓ ત્યારે પોતાના નાના દરમાંથી એક અતિ ઘણો નાનો ઉંદર નીકળ્યો. જે દોરડીઓની જાળ બનેલી હતી, તેઓ એક પછી એક તુટી ગઇ અને સિંહને છુટો કર્યો, ત્યાં સુધી તેના અતિ નાના દાંત વડે તેણે તેમને કાતરી. આ બતાવે છે કે કોઇ હલકામાં હલકું પ્રાણી હોય, તેને આપણે ધિક્કારવું નહિ જોઇએ રાંક માણસ જે મદદ આપે છે તેની સૌથી બળવાનને પણ કોઇ વાર જરૂર પડે છે.

પાઠ ૩૫. તુલના.

મોટી ચોપડી જાડી છે; નાની ચોપડી પાતળી છે. મોટી ચોપડી નાની ચોપડી કરતાં વધારે જાડી છે ૨. કોણ વધારે ઉંચું છે? છોકરી કે સ્ત્રી? સ્ત્રી છોકરી કરતાં વધારે ઉંચી છે. બેમાં વધારે ટુંકું કોણ છે? છોકરી સ્ત્રી કરતાં ટુંકી છે. ૩. વધારે સુંદર કયો ઘોડો છે? કાળા ઘોડા કરતાં સફેદ ઘોડો વધારે સુંદર છે. ૪. અહીંયા ત્રણ સાપ છે, વચ્ચેનો સાપ સૌથી લાંબો છે. ૫. આ ત્રણ કુતરામાં પટાવાળો કુતરો સૌથી બેડોળ છે. ૬. આ ત્રણ છોકરામાં ગોવિન્દ સૌથી ટુંકો છોકરો છે. હરિ રામ કરતાં વધારે ટુંકો છે. રામ અને હરિ બન્ને ગોવિન્દ કરતાં વધારે ઉંચા છે, તેઓમાં સૌથી ઉંચો રામ છે.

પાઠ ૩૬. ઘોડો.

રામ, આપણે આ ચિત્ર વિષે વાત કરીએ. ગોવિન્દ. હું ધારું છું કે એ સુન્દર ચિત્ર છે. ખરૂંને? રામ. હા. મને ઘોડા બહુ ગમે છે. જો ચિત્રમાં બે ઘોડા છે. રામ. વળી, ત્યાં બે ખવાસ પણ છે. ગોવિન્દ. દરેક ઘોડાને તેની પીઠ પર એક જીન છે, તેથી ત્યાં બે જીન છે. રામ. હું બે પાવડાં જોઇ શકું છું. ગોવિન્દ, પાવડાં શું છે? રામ. સોખંડના પગ મુકવાનાં જે જીન ઉપરથી લટકે છે તે. ગોવિન્દ અલબત. જે માણસ ઘોડા પર બેસે છે તે પોતાના પગ પાવડાંમાં મુકે છે. રામ. દરેક ઘોડાને બે કાન છે, ગોવિન્દ. વળી તેઓ દરેકને બે આંખ છે. રામ. દરેક વસ્તુ બે હોય એમ દેખાય છે. ગોવિન્દ. દરેક વસ્તુ નહિ ઘોડાને એકજ પૂછડી છે. રામ. અહા, પણ ચિત્રમાં

બે ઘોડા છે માટે પૂછડીઓ બે દેખાય છે. ગોવિન્દ. એક ઘોડાને ત્રણ પગ હોય એવું દેખાય છે. રામ. એમ છે કારણ કે ચોથો પગ ત્રીજા પગની પાછળ છે અને આપણે તે જોઇ શકતા નથી. ગોવિન્દ આપણે જોઇ શકીએ છીએ કે બીજા ઘોડાને ચાર પગ છે. વળી તેને તેની આંખ વચ્ચે સફેદ ડાઘો છે. રામ. ચિત્રમાં તમે કેટલા પગ જોઇ શકો છો? ગોવિન્દ. હું અગીયાર પગ જોઇ શકું છું. રામ. બે ઘોડાને અગીયાર પગ કેમ હોઇ શકે? ગો. તેઓને છે એમ મેં નથી કહ્યું. હું ચાર પગો જે ઘોડાના નથી, તે જોઇ શકું છું. રા. અરે, તમે ખવાસ તરફ જુઓ છો. અલબત્ત દરેક ખવાસને બે પગ છે. ગો. બીજા કંઇની જોડ તમે જોઇ શકો છો? રા. હા. હું બે કોટ જોઉં છું. દરેક ખવાસપર એક. ગો. આપણે માત્ર એકજ માણસનું મ્હોં જોઇ શકીએ છીએ. બીજા માણસનું મ્હોં અને માથું, ઘોડાનાં માથા પાછળ ઢંકાયેલાં છે. ગો. ચિત્રમાંનાં બન્ને ખવાસોએ સફેદ કોટ પહેર્યા છે. રા. એક સફેદ દિવાલ સામે તેઓ પોતાના ઘોડા સાથે ઉભા છે. ગો. તે બંગલાની દિવાલ જેવી દેખાય છે. રા. દિવાલમાં બે બારી છે. ગો. દરેક બારીને બે જાળી છે. રા. જાળીઓ બંધ છે. તેઓ મધ્યમાંથી ઉઘડે છે. ગો. હું બે દસ્તર જોઇ શકું છું. રા ક્યાં? ગો. દરેક ખવાસે, પોતાના હાથમાં એક પકડેલું છે. રા. અરે, હા. હું જોઉં છું. આપણે ઝારણ કહીયે, તે કપડાં વિષે કહો છો. ગો. કાપડ અને કપડાં એ એકજ છે? રા. નહિ. ખવાસે કાપડ પકડેલું છે, પણ કપડાં પ્હેરેલાં છે. ગો. આપણે કેટલા પગ જોઈ શકીએ છીએ, તે ગણવાનું આપણે ભૂલી ગયા. રા. આપણે અગીયાર

પગો જોઇ શકીએ છીએ. ગો. દરેક ખવાસને બે પગ છે, જેથી અગીયારમાંના ચાર એ છે. રા. અને એક ઘોડાના ચાર પગ અને બીજાના ત્રણ પગ કારણ કે એક પગ ચિત્રમાં ઢંકાયેલો છે. ગો. આપણે જે બીજા કંઇની નોંધ નથી લીધી, તે હું જાણું છું. રા. તે શું છે? ગો. લગામ, અલબત, રા. મને નવાઈ લાગે છે કે આપણે એ ચૂકી ગયા. આપણે બન્ને ઘોડાપર લગામ જોઇ શકીએ છીએ. ઘોડાની ગરદનપર લગામો છુટી લટકે છે. ગો. બન્ને ખવાસોએ ફેંટા બાંધેલા છે. રા. એક માણસે પટો પહેરેલો છે, પણ બીજાએ પહેર્યો નથી. ગો. મને ઇચ્છા થાય છે કે હું ઘોડાપર બેસી શકું. રા. કદાચ કોઇ દિવસ તમે તેમ કરવા શક્તિમાન્ થશો.

પાઠ ૩૭, હાથી ભા. ૧

અહીં બે સુંદર હાથી છે. તેઓ કેવાં મોટાં પ્રાણિઓ છે! તેમનાં દંતુશળ તરફ જુઓ. હાથીનાં દંતુશળો તેની નાકની દરેક બાજુએથી ઉગતા ઘણા મોટા દાંત જેવા છે. તેનું નાક ઘણું લાંબુ છે અને તે તેની સુંઢ કહેવાય છે. આપણે જોઇ શકીયે છીએ કે હાથીને કેવા મોટા કાનો છે. તેઓ નીચે લટકે છે અને ફફડે છે. હાથી ઘણા ડાહ્યા છે. તેઓ જેટલા મોટા છે, તેટલા નમ્ર છે, અને માણસો, તેમને ઉપયોગી કામ કેમ કરવું તે શીખવે છે. ચિત્રમાં બે હાથી કામ કરે છે. આપણે લાકડાનો મોટો ટુકડો જોઈ શકીએ છીએ. તે કાપી નાંખવામાં આવેલું ઝાડ હોવું જોઇએ. બે હાથી તે મોટું લાકડું ખસેડવાના છે. તે કરવા શકિતમાન થવાને તેઓ ઘણા મજબુત હોવા જોઇએ. ડાબી

બાજુનો હાથી, લાકડાં નીચે પોતાના દંતુશળ મુકવા કોશિશ કરે છે, હું ધારૂં છું કે તે તેની સુઢંનો પણ ઉપયોગ કરશે હાથી એટલા ડાહ્યા છે કે તેઓ સાથે કામ કરશે અને તેઓ બન્ને લાકડાને ગબડાવવા શકિતમાન થશે, સિયામમાં જ્યાં સાગના ઝાડ કાપવાંમાં આવે છે ત્યાંનું આ ચિત્ર લેવામાં આવ્યું છે. બ્રહ્મદેશમાં પણ તેઓ સાગના ઝાડ કાપે છે બ્રહ્મદેશમાં તેમજ સિઆમમાં, તેમને કામમાં મદદ કરવાને ઘણા હાથીઓ છે.

પાઠ ૩૮. મેરીનું પાળેલું મેઢું.

મેરી પાસે એક નાનું મેઢું હતું તેનું કાતરેલું ઊન બરફ જેવું સફેદ હતું, અને મેરી જ્યાં જ્યાં જતી ત્યાં મેઢું ખચિત જતું, એક દિવસ તે તેની સાથે નીશાળે ગયું તે કાયદા વિરૂદ્ધ હતું. નિશાળમાં મેઢાંને જોઇને છોકરાઓને હસવું આવ્યું અને રમ્યા, તેથી શિક્ષકે તેને હાંકી કાઢયું, તો પણ તેણે નજીકમાં રઝળ્યા કીધું મેરી દેખાઇ ત્યાં સુધી આમ તેમ ધીરજથી રાહ જોતું ઉભું રહ્યું. અને પછી તે તેની પાસે દોડી ગયું અને તેનાં હાથ પર પોતાનું માથું મૂકયું જાણે તે કહેતી હોય કે "હુ બ્હીતી નથી તમે સઘળી ઇજામાંથી મારૂં રક્ષણ કરશો." આતુર છોકરાં બુમ મારે છે? મેઢુ મેરીને આટલું બધું કેમ ચાહે છે?" શિક્ષકે જવાબ દીધો "શા માટે? તમે જાણો છો કે મેરી મેઢાંને ચાહે છે.

પાઠ ૩૯, હાથી. ભા, ૨.

આ ચિત્રમાં આપણે હાથીને તદ્દન ચોકખે ચોકખો જોઈ શકીએ છીએ આપણે તેના વિષે ફરીથી વાત કરીએ તેને કેવા સુંદર દન્તુશળ છે? જેમ બાળકને દાંત હોતા નથી તેમ નાના હાથીને દંતુશળ હોતા નથી, જ્યારે હાથી પૂરેપૂરો મોટો થાય છે ત્યારે તેના દાંત સાત કે આઠ ફુટ લાંબા હોય છે. તેઓ હાથીદાંત છે અને માણુસોને ઘણા કીમતી છે. દુશ્મનથી પોતાનો બચાવ કરવાને, હાથી પોતાના દંતુશળનો ઉપયોગ કરે છે. પોતાના દંતુશળ પર પોતાના દુશ્મનને પકડવા તે કોશિષ કરે છે. આ પ્રમાણે જો વાઘ પકડાય જાય, તો તે પણ નિરાધાર થાય છે. હાથીઓ વાઘોને ધિક્કારે છે. તેઓ જાણે છે કે જો વાઘ કુદકો મારે તો તે હાથીની સુંઢને વળગશે. અને તેને બહુજ ઇજા કરશે. વાઘોનો શિકાર કરવા માટે તેમને કેળવવામાં આવે છે. હાથી પોતાની સુંઢ વડે લગભગ બધી વસ્તુ કરી શકે છે. તેને છેડે તેને એક જાતની આંગળી અને અંગુઠો છે આ આંગળી અને અંગુઠાથી તે ટાંકણી, સોય, કે બે આની ઉંચકી શકે છે. તે જેટલી સહેલાઇથી ઝાડ ઉખેડી શકે છે તેટલીજ સહેલાઇથી ફુલો ચુંટી શકે શકે છે તે કુંચી ફેરવી શકે અગર બારણું ઉઘાડી શકે છે. જ્યારે હાથી પીવા માંગે છે, ત્યારે તે પોતાની સુંઢમાં પાણી ભરે છે પછી તે પોતાની સુંઢ નીચે વાંકી વાળે છે અને પોતાના મોમાં પાણી રેડે છે.

પાઠ ૪૦. ભા. ૩.

હાથી કેવું ઉંચું પ્રાણિ છે તે આપણે આ ચિત્રની અંદર જોઇ શકીએ છીએ કેટલીવાર હાથીઓ દશ ફૂટ ઉંચા હોય છે,

ચિત્રની અંદર જે માણસ હાથીના માથાપર બેઠેલો છે. તે તેનો હાંકનાર છે. આપણે તેને મહાવત કહીયે છીએ. મહાવતની પાછળ પેલું શું છે? તે પેટી જેવું દેખાય છે. પેટીની અંદર એક માણસ ઉભો છે. જો તમે બારીકાઇથી જોશો, તમે જોશો કે તે પેટી નથી. આપણે જેને અંબાડી કહીયે, તે તે છે, અને નેતરની બનેલી છે. જો હાથી પર બેસીને કોઇ માણસ લાંબી મુસાફરીએ જાય, તો તે અંબાડીમાં બેસે છે. જો તે માત્ર થોડે સુધીજ જવાનો હોય, તો તે મોટા પાટીયાપર બેસે. પાટીયું હાથીની પીઠપર બાંધી લેવામાં આવે છે. અંબાડીમાં ઉભેલો માણસ સિપાઈ જેવો દેખાય છે. કદાચ તે વાઘનો શિકાર કરવા, પોતાના અમલદાર સાથે બહાર જાય છે. હાથીના દંતુશળના છેડા કાપી લેવામાં આવ્યા છે કદાચ તેઓ ઘણાં લાંબા હતા. તેણે પોતાની સુંઢનો છેડો વાંકો વાળેલો છે. હું ધારૂં છું કે ઘાસ તેને ઘોંચાય નહિ, તેટલા માટે તેણે એમ કીધું. પોતાની સુંઢમાં કંઈ ઘોંચાય તો તે ધિક્કારે છે. તેથી તેને ઘણી ઇજા થાય છે.

પાઠ ૪૧. નાની વસ્તુઓ.

પાણીના નાના ટીપાં, રેતીના નાના કણ વિશાળ મહાસાગર અને આનંદદાયક જમીન બનાવે છે. ભલાઇનાં નાના કામો પ્રેમના નાના શબ્દો, આ પૃથ્વીને ઉપરની સ્વર્ગના જેવું એડન (સ્વર્ગ) બનાવે છે.

પાઠ ૪૨ હાથી ભા. ૪.

હાથીને પાણી બહુ ગમે છે. તેની તદ્દન અંદર જવાને, તેમને ઘણું ગમે છે. તમે નહિ ધારો કે હાથી તરી શકે છે. ખરૂં ને ? ખરેખર તે ઘણીજ સારી રીતે તરી શકે છે. પાણીથી સાફ થવાનું હાથીને બહુ ગમે છે. મહાવત છીછરા પાણીમાં એ મોટા પ્રાણિને સુવડાવી દે છે. પછી તે હાથી ઉપર ઉભો રહે છે, અને તેને ઇંટ ઘસે છે. જ્યારે માણસ એક બાજુ ઘસીને સાફ કરી રહે છે, ત્યારે હાથી ઉભો થાય છે. પછી તે બીજી બાજૂએ સુએ છે. અને મહાવત બીજી બાજુ ઘસી સાફ કરે છે. ચિત્રમાં આપણે નદીમાં ઘણા હાથીઓ જોઈ શકીએ છીએ. દિવસનું કામ પુરૂં થયું છે. તેઓ નહાય અને પીએ છે. જયારે તેઓ પાણીમાંથી બ્હાર આવે છે, ત્યારે તેઓ પોતાની સુંઢ ભરે છે. પછી તેઓ, પોતાની પીઠપર પાણી છાંટે છે. કેટલીકવાર હાથી ડૂબી જાય છે. એમ થાય છે તેનું કારણ, તે તરી નથી શકતો, એમ નથી, (પણ) કારણકે તે નરમ કાદવમાં ખૂંટી ગયો હોય છે. જ્યારે તે જમીન પર હોય છે. ત્યારે તે ઘણોજ કાળજી વાળો હોય છે. તે કદિ ઉંડા નરમ કાદવમાં જશે નહિ.

પાઠ ૪૩. હાથીનું વેર.

અબ્દુલ દરજી હતો. દરરોજ તે, પોતાની દુકાનમાં કામ કરવા બેસતો. તે ઘણો ઉદ્યોગી માણસ હતો. પોતાના મિત્રો જોડે વાત

કરવા, તે ઘણીવાર ઉંચુ જોતો. તેના મિત્રોમાંનો એક મહાવત હતો. દર સવારે, તે પોતાના હાથીને પાણી પીવાની જગ્યાએ લઈ જતો. તે રસ્તે, અબદુલની દુકાન આગળથી જતો. દરજી સાથે વાત કરવા તે હંમેશા થોભતો. ઘણીવાર, અબદુલ હાથીને ખાવાને કંઈક આપતો. એક દિવસે તેણે તેને કેળું આપ્યું. બીજે દિવસે સાકરનો ટુકડો આપ્યો. કેટલીક વાર તે તેને મીઠી પૂરી આપતો. હાથી હંમેશાં દુકાનમાં પોતાની સુંઢ ધરતો. તે જાણતો કે તેનો મિત્ર તેને કંઇ આપશે, એક દિવસે અબદુલે ઘાતકી અને મૂરખ કામ કીધું. તેણે હાથીને ખોરાક આપ્યો નહિ. તેણે હાથીના સુંઢના ટેરવામાં પોતાની સોય ઘોંચી. આથી બિચારા હાથીને ઘણીજ ઈજા થઇ તે પોતાને રસ્તે ચાલ્યો ગયો. જ્યારે તે નદીએ પહોંચ્યો, ત્યારે તેણે પોતાની સુંઢ કાદવવાળા પાણીથી ભરી. રસ્તે પાછા આવતાં તે ફરીથી અબદુલની દુકાન આગળ થોભ્યો. તેણે પોતાની સુંઢ અબદુલના મ્હોં નજીક ધરી. અબદુલ ખસી શકે તે પહેલાં ગંદા પાણીના ઝરણથી તેને ગબડાવી પાડવામાં આવ્યો. પછી હાથીએ દુકાનમાં સઘળી વસ્તુ પર પાણી છાંટયું. અબદુલનું સઘળું રેશમ અને કાપડ બગડી ગયાં. હું ધારતો નથી કે તે કદી ફરીથી કોઇ હાથી પર ઘાતકી થયો હોય.

એન્લાર્જમેન્ટસ.

યુરોપના કુશળ આર્ટીસ્ટો પાસે તૈયાર કરાવી આપીએ છેએ.

સસ્તા ભાવ, સુંદર કામ, નમુનાઓ હમારા શોરૂમમાં
જોઇ જવા કૃપા કરવી.

સાઇઝ ૧૬"×૨૦"	રૂ.
બ્લેક એન્ડ વ્હાઈટ અને માઉન્ટેડ ફીનીશ વગર	૩/-
સેપીઆ ,, ,, ,,	૫/-
બ્લેક એન્ડ વ્હાઈટ માઉન્ટેડ અને હેન્ડ ફીનીશ	૮/-
સેપીઆ ,, ,, ,, ,, ,,	૧૦/-
વૉટર કલર સ્ટાઇલ માઉન્ટેડ	૨૦/-
ઓઇલ કલર ,, ,,	૨૫/-

તેમજ દરેક જાતની ફ્રેમ, નાની, મોટી, અને તેને લગતો દરેક જાતનો સામાન અમારે અહીં મળશે.

લખો યા મળો—

જી. આર. વૈદ્ય એન્ડ કો.

૩૫૦૮, વૈદ મહોલ્લો,
નવસારી.

છપાવી પ્રસિદ્ધ કરનાર:-જી. આર. વૈદ્ય. વૈદ્ય સ્ટ્રીટ-નવસારી.
છાપનાર:—ગોવિન્દજી ડાહ્યાભાઈ નાયક
શ્રી 'અનાવિલ બંધુ' પ્રી. પ્રેસ, ખરાતપુરી ભાગળ,
ભાજીવાળી પોળ—સુરત.